ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૩૫ ટકા

# આજે અંગારક ચતુર્થી: ગણેશજી, હનુમાનજી અને મંગળની પૂજાનો શુભ સંયોગ

ગાંધી.તા.૨૨

જ્યોતિષશાસ્ત્ર અનુસાર જે મંગળવારે ચતુર્થી ની તિથિનો સહયોગ સર્જાય છે તેને અંગારક ચોથ કહેવાય છે. આ વખતે ૨૩ મે અને મંગળવારે જેઠ માસના શુકલ પક્ષની ચતુર્થીનો સંયોગ છે. તેથી આ દિવસે અંગારક ચતુર્થી ઉજવાશે. જે લોકોની કુંડળીમાં મંગલ દોષ હોય તેમણે આ દિવસે કેટલાક ઉપાય કરવા જોઈએ. આ ઉપાય કરવાથી મંગલ ગ્રહ સંબંધીત સમસ્યા દૂર થાય છે.

આ તિથિએ ભગવાન ગણેશ માટે વ્રત રાખવામાં આવે છે. આ વખતે આ તિથિ મંગળવાર હોવાથી આ દિવસ હનુમાનજી અને મંગળની પૂજા માટે શુભ બની ગયો છે.

ચતુર્થીના દિવસે ઉપવાસ અને ગણેશજીની પૂજા કરવાથી ઘરમાં સુખ-સમૃદ્ધિ જળવાઈ રહે છે. મંગળવારનો અધિપતિ ગ્રહ મંગળ છે. આ કારણથી અંગારક ચતુર્થી પર પણ મંગળની પૂજા કરો.

મંગલ દેવની પૂજા શિવલિંગના રૂપમાં કરવામાં આવે છે મંગલ દેવને ગ્રહોના સેનાપતિ માનવામાં આવે છે. આ ગ્રહ મેષ-વૃશ્ચિક રાશિનો સ્વામી છે. અંગારક ચતુર્થી પર સૌ પ્રથમ ગણેશજીની પૂજા કરો.

શિવલિંગના રૂપમાં મંગળની પૂજા કરવામાં આવે છે. એટલા માટે શિવલિંગ પર પાણી, લાલ ગુલાલ, લાલ ફૂલ ચઢાવો. આ શુભ યોગમાં તમે મંગળની ભાટ પૂજા પણ કરી શકો છો. આ પૂજામાં શિવલિંગને રાંધેલા ચોખાથી શણગારવામાં આવે છે અને પછી પૂજા કરવામાં આવે છે. પૂજા કરતી વખતે 'ઓમ અંગારકાય નમઃ' મંત્રનો જાપ કરવો જોઈએ.

હનુમાનજીની સામે દીવો પ્રગટાવો અને સુંદરકાંડ અથવા હનુમાન ચાલીસાનો પાઠ કરો. હનુમાનજીનો જન્મ મંગળવારે જ થયો હતો, તેથી જ દર મંગળવારે શ્રી રામના પરમ ભક્ત હનુમાનજીની પૂજા કરવાની પરંપરા છે. પૂજામાં ઓમ રામદૂતાય નમઃ મંત્રનો જાપ કરી શકાય છે.

લાડુનો ભોગ અર્પણ કરો. ગણેશજીના મંત્રનો જાપ કરો અથવા અથર્વશીર્ષનો પાઠ કરો. પૂજા કર્યા પછી જરૂરિયાતમંદ લોકોને ભોજન કરાવો. જો તમે ઉપવાસ કરતા હો તો આખો દિવસ ભોજન ન કરો.

ફળ અથવા દૂધ લઈ શકો છો. સાંજે ચંદ્રોદય પછી શ્રી ગણેશજીની પૂજા કરો, ચંદ્રની પૂજા કરો. આ પછી ભોજન કરી શકો છો.



## શહેર નજીક વાવોલમાં અદ્યતન લાઈબ્રેરી અને બોરનું ખાતમુહૂર્ત કરાયું

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર મહાનગરપાલિકાના વાવોલ ખાતે રૂ. ૨૭.૪૪ ના ખર્ચે તૈયાર થનાર અદ્યતન લાઈબ્રેરીનું તેમજ રૂ.૧૭.૪૧ લાખના ખર્ચે તૈયાર થનાર બોરનું ખાતમુહૂર્ત ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા દ્વારા કરવામાં આવ્યું હતું. આ અવસરે મેયરે જણાવ્યું હતું કે ગાંધીનગર સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓનું હબ બન્યું છે ત્યારે યુવાનો અને વાંચનપ્રેમી લોકોને વાંચન માટે સારી સુવિધા મળશે. તેમજ બોરની કામગીરીથી લોકોને પૂરા ફોર્સ સાથે ચોખ્ખું પીવા લાયક પાણી મળી રહેશે. આ દરમ્યાન ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે. ચેરમેન જશવંતભાઈ પટેલ, કાઉન્સિલરો, વોર્ડ પ્રમુખ, આગેવાનો તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.



## બ્રહ્માકુમારી સેવાકેન્દ્ર દ્વારા ૫ થી ૧૨ વર્ગના વિદ્યાર્થીઓ માટે થ્રી ડી સમર કેમ્પ યોજાયો





ગાંધીનગર, તા. ૨૨

શાળાના વેકેશન પિરીયડને સુવર્ણ યાદગાર બનાવવા હેતુ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સેકટર-૨૮, ગાંધીનગર પ્રભારી કૈલાશદીદીજી દ્વારા સેવાકેન્દ્રના પીસ પાર્ક હોલમાં જ ૫ થી ૧૨ કલાસના વિદ્યાર્થીઓને ડીવાઈન, ડીવોશનલ અને ડાયનેમિક બનાવવા તા. ૧૪ થી ૨૧ મે, ૨૦૨૩ ના રોજ સવારે ૮.૩૦ થી ૧૦ થ્રી ડી સમર કેમ્પ આયોજનત કરવામાં આવ્યો હતો.

વેલ્યુ બેઝડ ડેવલપમેન્ટ, ઈમ્પ્રુવીંગ કોન્સેન્ટ્રેશન, અવેકનીંગ કલાસીસ, સ્પીરીચ્યુઅલ એક્ટીવીટીઝ, ક્રિએટીવ મેડિટેશન અને મ્યુઝિકલ એકસરસાઈઝ વિષયો પરના આ આઠ દિવસીય સમર કેમ્પમાં ફેકલ્ટી ડૉ. યોગેશભાઈએ બહુ જ સરસ ઢંગથી યોગ શિખવ્યા હતા. મયુરભાઈએ બધાને અનોખી રીત સેલ્ફ ડિફેન્સની માસ્ટર ટ્રેનીંગ આપી. ભગિની ધૃતીબેન દવેએ ક્રાફટ મેકીંગની ટ્રેનીંગ તથા કુમારી આશાબેન પટેલે બસર્વ ને વેરાયટી ડાન્સ શિખવ્યા હતા. સમગ્ર કેમ્પનું સુંદર આયોજન અને લાજવાબ સંચાલન બ્રહ્માકુમારીઝ ગાંધીનગર સેવાકેન્દ્રના રાજયોગા ટીચર બી.કે. કૃપલબેને કર્યુ હતુ. કેમ્પમાં બાળકોને જ્ઞાન, શિક્ષણ, ટ્રેનીંગની સાથે સાથે ગમ્મત અને તેનાથી ય વધુ રોજ વેરાયટી ટોલી(પ્રસાદ) આઈસક્રીમ, ચોકલેટ વહેંચવામાં આવતી જેના ફળ સ્વરૂપ આ કેમ્પનો ૪૨ વિદ્યાર્થીઓએ ખૂબજ ઉમંગ, ઉત્સાહથી લાભ લીધો હતો. જેમને કૈલાશદીદીજી દ્વારા ૨૧ મે ૨૦૨૩ રવિવારે આયોજીત કેમ્પના સમાપન સમારોહમાં બધા જ બાળકો ઉન્નતની સાથે સદા પરમાત્મા આશીર્વાદથી જીવનના નિત નવા ઉન્નતિના શિખર પર આગળ વધે એવી શુભ કામનાઓ સાથે એવર લાસ્ટીંગ મેમરી રૂપે ખૂબ જ સરસ આકર્ષક સર્ટીફીકેટ પણ એનાયત કરવામાં આવ્યા હતા.

## આર. એન. લલિતકલા અકાદમી દ્વારા નોનસ્ટોપ રોલર સ્કેટીંગ સ્પર્ધા યોજાઈ






ગાંધીનગર, તા.૨૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી ગાંધીનગર સંચાલીત આર.એન. લલિતકલા એકેડેમીમાં ચાલતા મમતા સ્પોર્ટસ સેન્ટર દ્વારા નોન સ્ટોપ રોલર સ્કેટીંગ સ્પર્ધાનું આયોજન તા. ૨૧-૦૫-૨૦૨૩ને રવિવારના રોજ સાંજના ૫:૦૦ થી ૭:૦૦ દરમ્યાન સંસ્થાની સ્કેટીંગ રીંક ઉપર આવ્યું હતું. આ સ્પર્ધામાં ગાંધીનગર તથા અમદાવાદની શાળાના કે.જી.થી ધોરણ - ૧૦ સુધીના ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના આર.એન. લલિતકલાના પ્રિન્સિપાલ દિનાબેન ડી. ડોડીયા એ સ્કેટરોનો,વાલીઆનો ઉત્સાહ વધારેલ તેમજ તમામ રોલર સ્કેટરોને મેડલ, સર્ટીફીકેટ તથા કીટસ એનાયત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમ આર.એન. લલિતકલા એકેડેમી માં ચાલતા મમતા સ્પોર્ટસ સેન્ટરમાં ૨ હવર્સ નોન સ્ટોપ સ્કેટીંગ સ્પર્ધાનું નિદર્શન અને કોચીંગ કોચ વસીમ મનસુરી દ્વારા કરવામાં આવ્યું હતુ. આ સ્પર્ધાને સફળ બનાવવા રોશની બ્રહ્મભટ્ટે સાથ અને સહકાર આપ્યો હતો.

આ સ્પર્ધામાં ગાંધીનગર તથા અમદાવાદની શાળાના સ્કેટરો તથા વાલીઓ આમંત્રિતો મોટી સખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા સ્પર્ધાની ઉદઘોષ્ણા શ્રીમતિ વૈદેહી ઠાકુર દ્વારા કરવામાં આવી હતી.

## સરકારી ઈજનેરી કોલેજ ગાંધીનગર દ્વારા સાપ્તાહિક ઓનલાઈન વેબીનારનું આયોજન




ગાંધીનગર, તા.૨૨

ઉચ્ચ શિક્ષણના તાબા હેઠળના મેટલર્જી વિભાગ (NBA Accredited), સરકારી ઈજનેરી કોલેજ, સેકટર-૨૮, ગાંધીનગર ખાતે સંસ્થા ના આચાર્યા ડૉ. એસ. પી. દવે ના માર્ગદર્શન હેઠળ સાપ્તાહિક ઓનલાઈન વેબીનાર "મેટલર્જી એન્ડ મટિરિયલ સાયન્સ ૨૦૨૩" નું મેટલર્જી વિભાગ ના ભૂતપૂર્વ વિધ્યાર્થીઓ ના સંયોજન (સ્ટુડન્ટ સોસાયટી ઓફ મેટલર્જી એન્જીનિયરીંગ ગાંધીનગર) દ્વારા તારીખ ૨૨ થી ૨૬ મે, ૨૦૨૩ દરમ્યાન કરવામાં આવ્યું. આ તાલીમના સંયોજક મેટલર્જી વિભાગના પ્રાધ્યાપકો પ્રા. એચ. એચ. ઠાકર તથા પ્રા. આર. સી. ઘંઘાસ હતા. ઉપરોક્ત સાપ્તાહિક ઓનલાઈન વેબીનારનું ઉદ્‌ઘાટન મેટલર્જી વિભાગના વડા ડૉ. આઈ. બી. દવે તથા MGITER, નવસારી ના આચાર્ય ડૉ. જી. એચ. ઉપાધ્યાય ની ઉપસ્થિતિ માં થયું. આ વેબીનાર નો મુખ્ય હેતુ વર્તમાન પરિસ્થિતીમાં વિધ્યાર્થીઓ ને મેટલર્જી વિષય માં ઔધ્યોગિક તથા રીસર્ચ ક્ષેત્રે થયેલ એડવાન્સમેંટથી માહિતગાર કરવાનો હતો. આ વેબીનાર ની ખાસિયત એ હતી કે તજજ્ઞો મેટલર્જી વિભાગ, સરકારી ઈજનેરી કોલેજ, સેકટર-૨૮, ગાંધીનગર ના જ ભુતપૂર્વ વિધ્યાર્થીઓ હતાં કે જેઓ હાલમાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિવિધ ઔધ્યોગિક એકમો/ વિધ્યાશાખા માં સારા હોદ્દા પર કાર્યરત છે.




સોમવારે ઘ પાંચ એડીસી બેંક ખાતે આ કાળઝાળ ગરમી ના આંકરાં સમયમાં રાહદારીઓ માટે ખાસ વિતરણ નું કેન્દ્ર ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના શ્રી જીલુભા ધાધલ એડીસી બેંકના શ્રી પટેલ, અંધજન શાળાના પ્રિન્સિપાલ શ્રી જયંતીભાઈ સાહેબ દ્વારા શુભ શરૂઆત કરવામાં આવી સાથે સાથે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સ્વયંસેવકો પણ જોડાયા રાહદા રી ઓ અને આજુબાજુના પ્રાજાજનો એ ખૂબ હોશ પૂર્વક ભાગ લીધો આ ગરમીના સમયમાં રોજ છાશ કેન્દ્ર ૧૨વાગ્યાં થી સ્ટોક હશે ત્યાં સુધી ચાલુ રહેશે એમ એક યાદીમાં નિમેશ ચૌહાણે જણાવ્યું છે.

## દેવેન્દ્રભાઈ સોલંકી પીએચડી થયા

ગાંધીનગર, તા. ૨૨

દેવેન્દ્ર ગોવિંદભાઈ સોલંકીએ અર્થશાસ્ત્ર વિષયમાં ગુજરાત વિદ્યાપીઠમાંથી ph.D. Doctor of Philosophyની પદવી પ્રાપ્ત કરી છે.

'Economic Condition of De-notified Tribes' વિષય પર સંશોધન કરીને મહાશોધ નિબંધ રજૂ કર્યો હતો. સંશોધનના માર્ગદર્શક ડૉ. મંજુલા ડાભી હતા. તેઓએ વિભાગના પ્રોફેસર ડૉ. નિમિષા શુકલ, ડૉ. હસમુખ દેસાઈ અને ડૉ. નરેશ ચૌહાણનો આભાર વ્યક્ત કર્યો છે.



## યુવા નારીઓને આત્મનિર્ભર બનાવવા તરફ 'તિતલી' મેકઅપ આર્ટિસ્ટનો મોડર્ન એપ્રોચ!

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર સરગાસણ ખાતે આવેલા ધ પ્લુટસ સેન્ટર, મેવા લકઝરી બેંક્વેટ હોલ ખાતે ઈન્ટરનેશનલ મેકઅપ આર્ટિસ્ટ અને હેર સ્ટાઈલીશ જલ્પા વર્મા દ્વારા શનિવાર દિનાંક ૧૯ના રોજ એક દિવસનો ઓન સ્ટેજ મેકઅપ 'લુક એન્ડ લર્ન' સેમિનાર આયોજિત કરવામાં આવ્યો હતો. આ મેકઅપ સેમિનારમાં ગાંધીનગરની ૧૦૦થી વધુ યવા મહિલાઓ હાજર રહી હતી.

લગ્ન હોય અને ક્યાં મેકઅપ કરાવવો? એવો પ્રશ્ન દરેક દુલ્હનને સતાવે છે. કેમ કે, દરેક દુલ્હન પોતાના મેરજમાં સૌથી સુંદર અને યુનિક લાગે તેવું ઈચ્છે છે. આ માટે તે બને ત્યાં સુધી સારામાં સારો મેકઅપ હેર સ્ટાઈલ કરાવવાનું પસંદ કરે છે.



ઘણી વખત એવું પણ બને કે કોઈને એકદમ લાઈટ મેકઅપ પસંદ હોય... પણ એથી વિશેષ સારા મેકઅપ આર્ટિસ્ટ મળવા જરૂરી છે. ગાંધીનગરમાં શ્રેષ્ઠ મેકઅપ આર્ટિસ્ટ તૈયાર થાય અને આત્મનિર્ભર બને એ માટે જલ્પા વર્મા દ્વારા મોડર્ન એપ્રોચ ધરાવતો સેમિનાર યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત ઈન્ટરનેશનલ મેકઅપ આર્ટિસ્ટ અને હેર સ્ટાઈલીશ જલ્પા વર્મા અને પારસમણી ફાઉન્ડેશનના અધ્યક્ષ અને ગાંધીનગર સાહિત્યસભાના પૂર્વ અધ્યક્ષ સંજય થોરાત દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પીએસી બ્લશના ચેરમેન વત્સલ તન્ના, બ્યૂટી સિક્રેટના રવિ ચૂડાસમા, તેશા ક્રિએશન ઈવેન્ટ મેનેજમેન્ટના તેજસ રાઠોડ હાજર રહ્યા હતા. તિતલી મેકઅપ અને હેર સ્ટુડિયોના જલ્પા વર્માએ આઠ કલાક સુધી ઓન સ્ટેજ બે મેકઅપ લુક લાઈવ ડેમોન્સ્ટ્રેશન સાથે બતાવ્યા હતા.



સમ્રાટ અશોક મહારાણા પ્રતાપ ની ૫૮૩ મી દિવસની જન્મ જયંતીની ઉજવણી ગાંધીનગર રાજપૂત સમાજ સંગઠનો દ્વારા કરવામાં આવી હતી. સેકટર ૧૨ રાજપૂત ભવનથી ગાંધીનગર શહેરના વિવિધ સેકટરોના મુખ્ય માર્ગ તથા જાહેર રસ્તા પર વિશાળ સંખ્યામાં શોભાયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં સમાજના ભાઈઓ બહેનો એ યાત્રામાં જોડાયા હતાં.મહારાણા પ્રતાપની પ્રતિમાને ફૂલહાર કરી પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા સંસ્થાના પ્રમુખ કેશરીસિહ બિહોલા, ધનશાયમસિહ ગોલ, જશવંતસિંહ રાઠોડ, પ્રવિણસિંહ સિસોદીયા, ઈશ્વરસિહ વાધેલા વગેરે એ યાત્રામાં જોડાયા હતા અને મહારાણા પ્રતાપ ની પ્રતિમાને ફૂલહાર કરી તેઓએ આપેલ બલિદાન ને યાદ કરવામાં આવ્યું હતું.

## નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વેકેશન વિજ્ઞાન સંઘ કાર્યક્રમ અંતર્ગત સાયન્સ ફિલ્મ શો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલૉજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓ માટે વિવિધ વિજ્ઞાન લક્ષી કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. વેકેશન દરમિયાન વિદ્યાર્થીઓ પોતાની રજાઓ ટીવી વિડીયો ગેમ અને બિન જરૂરી પ્રવૃત્તિમાં વેડફી ન દે તે હેતુથી સાયન્સ સેન્ટર દ્વારા વિવિધ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

આ વેકેશન વિજ્ઞાન લક્ષી કાર્યક્રમ અંતર્ગત તારીખ ૨૩/૦૫/૨૦૨૩થી ૨૫/૦૫/૨૦૨૩ સુધી રાત્રે ૮:૦૦ થી ૧૦:૩૦ વાગ્યા ના સમયમાં નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર બ્લોક નંબર ૬૧/૧,ઘ-ટાઈપ,સેકટર-૨૩ ખાતે વિજ્ઞાનની રોમાંચક અને સાયન્સ થીમ બેઝ જેવી કે જુરાસીક વર્લ્ડ ભાગ-૩,ધ ટુમોરો વાર, જર્ની ટુ ધ મિસ્ટરી આયલેન્ડ જેવી ફિલ્મ દર્શાવવામાં આવશે. આ ફિલ્મો મોટા સ્ક્રીન પર દેખાડવામાં આવશે આ ફિલ્મોનિહાળવા માટે વિદ્યાર્થીઓ અને વાલીઓને હાર્દિક નિમંત્રણ છે. આ ફિલ્મો દેખાડવાના કોઈ ચાર્જ લેવામાં આવશે નહીં.

## સોનલબેન ઝાપડીયા પીએચડી થયા

ગાંધીનગર, તા. ૨૨

સોનલબેન ધુધાભાઈ ઝાપડીયાએ પ્રા. હસમુખ દેસાઈના માર્ગદર્શન હેઠળ પીએચડીની પદવી એનાયત કરી છે. 'એ કોમ્પ્રીહેન્સીવ સ્ટડી ઓફ સીલેકટેડ ઈન્ડિકેટર્સ ઓફ ઈકોનોમિક' વિષય પર પીએચડીની પદવી પ્રાપ્ત કરી છે.



જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

-સંપાદક

## જન્મદિને વધામણી



જનકરાય ભટ્ટ
મો. ૯૬૮૭૪ ૫૭૩૭૬

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. નાડિયા રણછોડભાઈ ઈશ્વરભાઈ ઉ.વ.૫૩, વાવોલ
- સ્વ. ઠાકર રશ્મિબેન જયેન્દ્રભાઈ, ઉ.વ.૭૧, ગાંધીનગર
- સ્વ. મકવાણા હિરાબેન હમીરભાઈ, ઉ.વ. ૮૨, ગાંધીનગર
- સ્વ. પરમાર ચંદાબેન મહોબતસિંહ, ઉ.વ. ૬૮, ડભોડા
- સ્વ. સોની મંજુલાબેન વિનોદરાય, ઉ.વ.૬૮, ગાંધીનગર